# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

ઓગસ્ટ ૧૨, ૨૦૧૮ના રોજ વાયડ મુકામે વાયડ સંસ્થાનના પ્રમુખ અને પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખની નિશ્રામાં અમદાવાદ, પાટણ અને વડોદરાથી આવેલા આશરે પચ્ચીસ જેટલા કાર્યકર્તાઓ તેમજ જ્ઞાતિબંધુઓ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરવા એકત્રિત થયા હતા.

પચીસ વર્ષો બાદ સંપન્ન થઈ રહેલા શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ માટે ૧૨-૧૩-૧૪ ફેબ્રુ., ૨૦૧૯ (મંગળ-બુધ-ગુરૂ)ના શુભ દિવસો નક્કી કરવામાં આવ્યા છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે સવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય થશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ ને ગુરૂવારે સવારે નીકળશે અને તે જ દિવસે સાંજે હવન સંપન્ન થશે.

વાયડ ખાતે એકત્રિત થયેલા જ્ઞાતિજનોએ તમામ મુદ્દાઓ પર વ્યાપકપણે નિખાલસ વિચારણા કરી હતી અને દરેક કાર્યનું આયોજન કર્યું હતું. મુદ્દાઓ આ પ્રમાણે છે :

૧) વાયડ ગામના પ્રવેશદ્વાર પાસે સરકારી શાળા આવેલી છે. તેની વિશાળ જગ્યામાં આશરે ૨૫૦ થી ૩૦૦ વાહનોનું પાર્કીંગ સારી થઈ શકે તેમ છે. વળી શાળાને બે દરવાજા હોવાથી આવન-જાવનનો પ્રશ્ન સરળતાથી હલ થઈ શકે છે. તમામ વાહનો શાળાની વિશાળ જગ્યામાં પાર્કીંગ કરવાના રહેશે. ત્યાંથી પાંચેક જીપોની વ્યવસ્થા કરવામાં આવશે જે જ્ઞાતિબંધુઓને સામાનસહિત મંદિરે લઈ જશે.

૨) જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ભાગ લેશે તેવી ધારણા છે, જેને કારણે સેનીટેશનની વ્યવસ્થા માટે મોબાઈલ ટોઈલેટના ત્રણ યુનિટ મંગાવવાનો વિચાર છે. તેને યોગ્ય જગ્યાએ ઊભા રાખવામાં આવશે.

૩) પૂજારીના રહેઠાણની પાછળના ભાગમાં સરફેસીંગ કરાવવાનો વિચાર છે, જેથી તે જગ્યાનો સારી રીતે ઉપયોગ થઈ શકે. વળી ત્યાં કામચલાઉ ધોરણે રૂમ્સ બાંધવાનો પ્લાન છે. સંસ્થાનના કેમ્પસમાં ગ્રીન કારપેટ નાંખવામાં આવશે તેમ જ કેમ્પસમાં આવેલો ફૂવારો (Fountain) હટાવી દેવામાં આવશે. સમગ્ર કેમ્પસમાં મંડપ બાંધવામાં આવશે અને પ્રવેશદ્વારને સુશોભિત કરવામાં આવશે.

૪) જરૂર પડશે તો જ અમદાવાદ - વડોદરા - પાટણ - ભૂજ - ભરૂચની ચોકીઓ ઉપર ટેરેસમાં ટેન્ટ બાંધવામાં આવશે. અંદાજિત કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો મહોત્સવમાં ભાગ લેશે તેની જાણ થયા બાદ તેનો નિર્ણય કરવામાં આવશે.

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

૫) યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી તેમ જ તેમની ટીમના સભ્યો(બ્રાહ્મણો)ને રહેઠાણ માટે પંચાલની ધર્મશાળાની પાછળ અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે.

૬) શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી રૂબરૂ વાયડ પધાર્યા હતા. તેમણે યજ્ઞમંડપની જગ્યાનો અભ્યાસ કર્યા બાદ તેમના સૂચન પ્રમાણે, હાલ જે યજ્ઞ મંડપ છે તેને બદલે મંદિરની સામે - અમદાવાદની ચોકીની બહાર ૨૪x૨૪ ફૂટની સાઈઝનો યજ્ઞમંડપ તૈયાર કરવામાં આવશે.

૭) ગાદલા-ઓશિકા-રજાઈ-ચાદર વગેરેની મોટી સંખ્યામાં જરૂર પડશે, તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

૮) સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પંચાલની ધર્મશાળાની બહાર સ્ટેજ બનાવવામાં આવશે.

૯) ૧૧-૧૨-૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો ગોઠવવામાં આવશે. આ માટેની કાર્યવાહી ચાલુ છે.

૧૦) ભૂજની ચોકીમાં માહિતી કેન્દ્ર (Information Centre) બનાવવામાં આવશે. તમામ જ્ઞાતિજનોને તે સ્થળેથી સંપૂર્ણ માહિતી મળશે. તેની બાજુમાં એક કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવશે. સંસ્થાનમાં થતી તમામ ગતિવિધિ પર નિયંત્રણ રાખી શકાશે.

૧૧) સંસ્થાનના કેમ્પસમાં CCTV કેમેરા તેમ જ LED TV ગોઠવવામાં આવશે જેથી જ્ઞાતિજનોને યજ્ઞની વિધિ તેમજ અન્ય કાર્યક્રમો નિહાળવામાં સરળતા રહે. હવન તેમજ વરઘોડાનું લાઈવ કવરેજ કરાવવાનો પણ વિચાર થઈ રહ્યો છે.

૧૨) માઈક, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ, પંખા, ખુરશીઓ વગેરેની વ્યવસ્થા અંગે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

૧૩) તમામ ચોકીઓનું બહારથી તેમજ અંદરથી કલરકામ કરાવી સુશોભિત કરવાનો પ્લાન છે.

૧૪) મેડીકલ કેમ્પ ગોઠવવાનો પણ પ્લાન છે. જ્ઞાતિના ડોકટર્સ મેડીકલ કેમ્પમાં સહયોગ આપશે.

૧૫)ભોજનની વ્યવસ્થા તેમ જ અન્ય બાકી રહેલા મુદ્દાઓ અંગે બાદમાં નિર્ણય કરવામાં આવશે.

વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ તેમજ અગ્રણી ગ્રામવાસીઓએ મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ સહકાર આપવા ઉત્સાહ દર્શાવ્યો છે. આ અંગે સરપંચ સાથે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

પરદેશમાં વસતા જ્ઞાતિબંધુઓ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે પ્રમાણે ભારત પ્રવાસનું આયોજન કરવા વિનંતી છે.

**સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.**

કાર્યકર્તા તરીકે નામ નોંધાવવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. આપ સમયદાન આપીને આ પવિત્ર કાર્યમાં સહકાર આપશા તેવી વિનંતી છે. હવનમાં બેસવા માટેની ઉછામણી ઓનલાઈન કરવામાં આવશે જેની વિગતો વાયડામિત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યની પ્રગતિ અંગે વાયડામિત્ર દ્વારા જાણ કરવામાં આવશે. સમીરી કામદાદેવીના આશીર્વાદ અને જ્ઞાતિજનોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થશે તેવી આશા છે.

– હિમાંશુ શાહ
અમદાવાદ

---